






થતી ન કોઇ ક્રિયા, મિડિયા સામે, ડોલ્યા વિના,
છે છુપો પક્ષનો પ્રચાર, રહસ્યો, ખોલ્યા વિના,
બોલ્યા વિના જ કરે કામગીરી ગાંધીવાદી તો,
રહે છે સાદાઇથી, સ્વચ્છતા માં જ બોલ્યા વિના




ઢંઢેરા વિના -
કામને બોલવા દો -,
ગાંધીગીરીથી..
(હું કરું, હું કરું - એ જ..)

મૌની બાબા ને,
કે'વરાવસે સારા -
બહુ બોલે છે!!
(પાટિયું ગયું, ને ડ્રાઉં ડ્રાઉં)

## ચિંતન

**આત્માર્થે જીવલોકે સ્મિન કો ન જીવતિ માનવઃ । પરં પરોપકારાર્થે યો જીવતિ સ જીવતિ ॥**

'આ જગત-જીવલોકમાં પોતાના માટે તો સૌ કોઇ જીવે છે પરંતુ બીજાને માટે જે જીવે છે એનું જીવન સાચું જીવન છે અર્થાત્ એ જીવન યોગ્ય રીતે જીવ્યા બરાબર છે.'

પશુ-પંખી જેને વિચાર શક્તિ નથી એ તો ભૂખ લાગે ત્યારે ખોરાકની શોધમાં જાય - તરસ લાગે તો પાણીની શોધમાં ભટકે અને થાક લાગે ત્યારે સૂઇ જાય. આને પશુજીવન કહેવાય.

માનવ પ્રાણી પણ આવી જ પ્રવૃત્તિમાં 'ખાવું-પીવું-સૂઇ જવું'માં જ જીવન ગુજારે કે પોતાના સુખ-સગવડ-ભોગ વિલાસ માટે આખો'દિ પૈસા પાછળ જ 'સ્વાર્થ' માટે દોડા-દોડી જ કરે એ જીવન કંઇ જીવન નથી.

સાચા જીવનની સાર્થકતા બીજાના માટે પરોપકાર-દાન-પુણ્ય-ધર્મ-સેવાભાવી જીવનમાં જ છે ગરીબ-દીન-દુખી-રોગીઓને મદદરૂપ થવું એનું નામ જીવન જીવ્યા છે.

## સુવિચાર

- માણસ દુઃખનો વિરોધી છે એવું નથી, જે દુઃખની પાછળ સુખ મળવાની વાસ્તવિકતા, કલ્પના હોય છે, એ દુઃખ વેઠવા તે હોંશભેર તૈયાર થઇ જાય છે **- મોરારિ બાપુ**
- એવા ધનથી શું લાભ, જે યાચકને આપી શકતું નથી, એવા બળથી શું લાભ, જે શત્રુને રોકી શકતું નથી, એવા જ્ઞાનથી શું લાભ, જે આચરણમાં આવતું નથી અને એ આત્માથી શું જે તિજેન્દ્રીય ન બની શકે **- ઉપનિષદ**
- વેદનાનો હાથ પકડી સહેજ ચાલી જોઇએ, ચાલ આજે દુઃખને ગજવામાં ઘાલી જોઇએ, વેદ, ઉપનિષદ ખોળવાથી કંઇ વળશે નહીં, એકબીજાનો અહિં હાથ બસ ઝાલી જોઇએ **- પ્રણવ પંડ્યા**
- જોવાલાયક તો તમાશા હોય, તિર્થ નહીં, તિર્થ તો તેને કહેવાય જ્યાં જીવન પ્રેરણાનું ઉદ્‌બોધન હોય **- સાધુ વાસવાણી**
- નિષ્ફળતાનો ડર અને સફળતાનો અતુટ વિશ્વાસ એ બંનેમાં જે બળીયો હોય તે જીતી જશે **- સ્ટીવ જોબ્સ**
- જે વ્યક્તિ બીજાની ભલાઇ ઇચ્છે છે એનું પોતાનું ભલું તો તે પળથી શરૂ થઇ જાય છે **- હૃદયસૂત્ર**
- જેને મંઝીલ ગમે.. તે ઠોકરો પણ ખમે.. **- મુસાફીર પાલનપુરી**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

દરરોજ રાત્રે પ્રાર્થના કરી આજે આખા દિવસમાં મેં શું સારું-નરસું કામ કર્યું એનું ચિંતન કરી પ્રભુ પાસે કબૂલાત-પશ્ચાતાપ કરવાં જોઇએ. ખરેખર તો દરેક જણે જાગૃત રહી મનસા-વાચા-કર્મણા કર્મયોગ કરવો જોઇએ.

દાર્શનિક ચિંતક સુકરાત ચહેરે કુરૂપા હતા, આમ છતાં સતત હાથમાં, અરિસો-દર્પણ રાખતા અને થોડી થોડી વારે અરિસામાં પોતાનો કુરૂપ ચહેરો જોઇ લેતા હતા.

એક યુવાન શિષ્યએ આવી ચેષ્ટા કરવાનું કારણ ગુરૂજી સુકરાતને પુછી લીધું.

સુકરાત કહે પૂર્વ-જન્મના કર્મોને કારણે કદાચ મને આ કુરૂપતા મળી છે. એ હું ભૂલી ન જાઉં અને સતત સત્કાર્યો કરતો રહું એટલે નવરાશ મળે કે તરત હું અરિસામાં જોઇ મારાં કર્મો માટે જાગૃત રહું છું.

યુવાને ફરી પૂછ્યું. તો તો સુંદર ચહેરા વાળા લોકોએ તો દર્પણ જોવાની જરૂર જ નહીં ને?


સુકરાત કહે, ના એવું નથી, સ્વરૂપવાને પણ સતત અરિસો જોવો જોઇએ. કારણ કે એ જોવાથી ખબર પડે કે મારાં કોઇ દુષ્કૃત્યની કાલીમાનો કોઇ ડાઘ તો મારા ચહેરા પર નથી પડ્યો ને?!

ગુરૂજીની સ્પષ્ટતા સાંભળી શિષ્ય નતમસ્તક થઇ ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# વિનોબાની વાત, એમના જ મુખે

હું એક જુદી જ દુનિયાનો માણસ છું. મારી દુનિયા નિરાળી છે. મારો દાવો છે કે મારી પાસે પ્રેમ છે. એ પ્રેમનો અનુભવ હું સતત લઇ રહ્યો છું. મારી પાસે મત નથી, મારી પાસે વિચાર છે. વિચારોનું આદાન-પ્રદાન થાય છે. એને ચાર દિવાલ નથી હોતી, એ બંધાયેલા નથી હોતા, સજ્જનો સાથે વિચાર-વિમર્શ કરીને એમના વિચાર લઇ શકાય છે અને આપણા વિચારો એમને આપી શકાય છે. આમ વિચારોનો વિકાસ થતો રહે છે. એનો અનુભવ મને નિરંતર થાય છે. તેથી હું કોઇ વાદી નથી. કોઇ પણ મને પોતાનો વિચાર સમજાવી દે અને કોઇ પણ મારો વિચાર તપાસી લે. પ્રેમ અને વિચારમાં જે શક્તિ છે, એ બીજા કશાયમાં નથી. કોઇ સંસ્થામાં નથી, સરકારમાં નથી, કોઇ જાતનાં વાદમાં નથી, શાસ્ત્રમાં નથી, શસ્ત્રમાં નથી. મારું માનવું છે કે શક્તિ પ્રેમ અને વિચારમાં જ છે. માટે પાક્કા મતોની અપેક્ષા રાખજો. હું પળે પળે બદલાતી વ્યક્તિ છું. કોઇ પણ મારા પર આક્રમણ કરી પોતાનો વિચાર સમજાવી મને પોતાનો ગુલામ બનાવી શકે છે. પરંતુ વિચાર સમજાવ્યા વગર જ કોઇ પ્રયત્ન કરશે તો લાખો પ્રયાસ છતાં કોઇનીય સત્તા મારા ઉપર ચાલશે નહીં.



હું કેવળ વ્યક્તિ છું. મારા કપાળે કોઇ પ્રકારનું લેબલ લાગેલું નથી. હું કોઇ સંસ્થાનો સભ્ય નથી. રાજનૈતિક પક્ષોનો મને સ્પર્શ નથી. રચનાત્મક સંસ્થાઓ સાથે મારો પ્રેમસંબધ છે. હું બ્રાહ્મણ તરીકે જન્મ્યો અને શિખા કાપીને બ્રાહ્મણનું મુળિયું જ ઉખાડી નાખ્યું. કોઇ મને હિન્દુ કહે છે, પણ મેં સાત-સાત વાર કુરાન-બાઇબલનું પારાયણ કર્યું છે. એટલે કે મારું હિન્દુત્વ ધોવાઇ જ ગયું. મારી વાતો લોકોને ગમે છે, કારણ કે મારાં કાર્યોનાં મૂળમાં કરૂણા છે, પ્રેમ છે અને વિચાર છે. હું એટલો બેભરોસાવાળો માણસ ચું કે આજે હું એક મત વ્યક્ત કરીશ અને કાલે મને બીજો મત યોગ્ય લાગે તો તેને વ્યક્ત કરવામાં થોથવાઇશ નહીં. કાલનો હું બીજો હતો, આજનો બીજો છું. હું પ્રતિક્ષણ ભિન્ન ચિંતન કરું છું. હું સતત બદલાતો જ આવ્યો છું.

## રસ્તે રઝળતી વારતા

**- અચના કમલેશ**

*આપણા દેશમાં સંત-મહાત્માઓ તો ઘણા થઇ ગયા છે, પરંતુ સફેદ કપડામાં દેશને છેલ્લી સદી દરમિયાન એવા બે સંતોનો સહવાસ સાંપડ્યો, જેનો જગતમાં જોટો જડવો મુશ્કેલ છે. મહાત્મા ગાંધીને આપણે રાષ્ટ્રપિતા સ્વરૂપે સ્વીકાર્યા છે, પરંતુ એમનો પારસ સ્પર્શ પામેલા છતાં પોતાની આગવી પ્રતિભા જાળવીને ઋષિ જીવનનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરી જનારા સંત વિનોબા ભાવે ધીરે ધીરે વિસરાવા લાગ્યા છે. ઉત્સવોના આ દિવસોમાં આવો, આપણે જિંદગીને મહોત્સવમાં પલટી દેનારા એ મહાપુરૂષની કેફિયત - એમનાં જ શબ્દોમાં માણીએ.*

*'શાશ્વત ગાંધી' (સં. રમેશ સંઘવી/યોગેન્દ્ર પારેખ) નો સપ્ટેમ્બર અંક સંત વિનોબાના જીવન કવનને આવરી લે છે. આ કેફિયત એમાંથી સંપાદિત કરેલ છે.*

**- અચના**

દેશમાં અનેક વિચાર-પ્રવાહ કામ કરી રહ્યા છે, અને એનું બારીક નિરીક્ષણ કરવાની તક મળ્યા કરે છે, કારણ કે હું જનતાના સીધા સંપર્કમાં રહું છું. જ્યાં સુધી મને લાગેવળગે છે ત્યાં સુધી એનું પરિણામ એ આવે છે કે હું ખૂબ જ વધારે તટસ્થ બની રહ્યો છું અને મને સમન્વયનું સતત ભાન રહે છે. મારો કોઇનીયે સાથે વાદ નથી. કોઇનો અમસ્તો જ વિરોધ કરું એ મારા લોહીમાં નથી. બલ્કે, મારી સ્થિતિ તુકારામે કહ્યા જેવી છે - 'વિરોધનું વચન મને સહન થતું નથી.'

હું 'સુપ્રીમ સિમેન્ટીંગ ફેક્ટર' છું, કારણ કે હું કોઇ પક્ષમાં નથી. પરંતુ આ તો મારું 'નેગેટીવ' વર્ણન થઇ ગયું. મારું 'પોઝિટિવ' વર્ણન તો એ છે કે બધા પક્ષોમાં જે સજ્જન છે, તેમના ઉપર મને પ્રેમ છે. તેથી હું પોતાને 'સુપ્રીમ ફેક્ટર' માનું છું. આ મારું વ્યક્તિગત વર્ણન નથી. જે શખસ એવું કામ ઉઠાવે છે, જેના થકી હૃદય-પરિવર્તનની પ્રક્યાથી ક્રાંતિ થશે, એ એક દેશને માટે નહીં, બલકે બધા દેશોને માટે 'સિમેન્ટિંગ ફેક્ટર' થશે.

મેં લુઇ પાશ્ચરની એક તસવીર જોઇ હતી. તેની નીચે એક વાક્ય લખ્યું હતું - "હું મારો ધર્મ શું છે એ નથી જાણવા માગતો. તારા વિચારો શું છે તે પણ જાણવા નથી ઇચ્છતો. માત્ર એટલું જાણવા ચાહું છું કે તારું દુઃખ શું છે. તેને દૂર કરવામાં મદદ કરવા ચાહું છું." આવું કામ કરનાર મનુષ્યની ફરજ અદા કરે છે. મારો આવો જ પ્રયાસ છે.

મારી એ જ ભાવના રહે છે કે સૌ મારા છે અને હું સૌનો છું. મારા દિલમાં એવી વાત નથી કે અમુકને હું વધારે પ્રેમ કરું અને અમુકને ઓછો. મુહમ્મદ પૈગંબરના જીવનમાં એક વાત આવે છે. અબુબકર વિશે મુહમ્મદ સાહેબ કહે છે કે 'હું તેના ઉપર સૌ કરતાં વધારે પ્યાર કરી શકું છું, જો એક શખસ પર બીજા શખસ કરતાં વધારે પ્રચાર કરવાની મનાઇ છે કે એક ઉપર બીજા કરતાં વધુ પ્યાર કરીએ. આવી મનાઇ ન હોત તો અબુબકર ઉપર વધારે પ્રેમ કરત. આ જ મારા દિલની વાત છે. એટલે કે પ્રેમ કરવામાં હું વેરો-આંતરો નથી રાખી શકતો.'

હું ગુરૂત્વનો સ્વીકાર નથી કરી શકતો! 'એકબીજાની સહાયતા કરીએ, સૌ મળીને સુપંથ ઉપર ચાલીએ' - આ મારી વૃત્તિ છે. આમ હોવાથી ગુરૂત્વની કલ્પના મને ઠીક લાગતી નથી. હું ગુરૂના મહત્ત્વને માનું છું. ગુરૂ એવા હોઇ શકે છે કે જે માત્ર સ્પર્શથી, દર્શનથી, વાણી માત્રથી, એટલું જ નહીં પણ કેવળ સંકલ્પમાત્રથી શિષ્યનો ઉદ્ધાર કરી શકે છે. એવા પૂર્ણાત્મા ગુરૂ હોઇ શકે છે. આમ છતાં હું આને કલ્પના જ માનું છું. વાસ્તવમાં આવા કોઇ ગુરૂને હું જાણતો નથી. 'ગુરૂ' આ બે અક્ષરો જ છે. આ બે અક્ષર હું કોઇ પણ વ્યક્તિ માટે લાગુ ન કરી શક્યો. અને કોઇ એ મારા પર લાગુ કરે, તો એ મારાથી સહન જ નથી થતું.

જ્ઞાનની એક ચિનગારીની દાહક શક્તિની સામે વિશ્વની તમામ અડચણો ખાક થવી જ જોઇએ, આ વિશ્વાસના આધાર ઉપર નિરંતર જ્ઞાનોપાસના કરવામાં અને દૃષ્ટ જ્ઞાનનો પ્રસાર કરવામાં મારું આજ સુધીનું જીવન ખર્ચાયું છે. જો બે-ચાર જીવનને પણ તેનો સ્પર્શ થઇ જાય, તો મારું ધ્યેય સાકાર થઇ શકશે.

હું જે કોઇ પગલું માડું છું તેના ઊંડાણમાં ઊતરીને મૂળ સુધી પહોંચ્યા વગર નથી રહેતો. મેં જિંદગીનાં ત્રીસ વર્ષ એકાંત ચિંતનમાં ગાળ્યા છે. તેમાં જ જે સેવા થઇ શકી એ હું નિરંતર કરતો રહ્યો. પરંતુ મારું જીવન નિરંતર ચિંતનશીલ રહ્યુ; જો કે હું એને સેવામય બનાવવા ચાહતો હતો. સમાજમાં જે પરિવર્તન લાવવું જોઇએ, એના મૂળીયાની છાનબીન માટેનું એ ચિંતન હતું. પાયાના વિચારોમાં હવે નિશ્ચિત છું. કોઇ પણ સમસ્યા મને ડરાવતી નથી. કોઇ પણ સમસ્યા, પછી ભલે એ ગમે તેટલી મોટી કેમ ન હોય, મારી સામે નાનકડી બનીને આવે છે. હું તેનાથી મોટો બની જાઉં છું. કોયડો ગમે તેટલો મોટો હોય, છતાં એ માનવીય છે, તો માનવીય બુદ્ધિથી ઉકેલી શકાય છે. તેથી મારી શ્રદ્ધા ડગી નથી જતી. એ દિવાલની જેમ ટટ્ટાર રહે છે, અથવા પડી જાય છે.

ચાહે મેં આશ્રમોમાં રહીને કામ કર્યું હોય કે બહાર રહીને,મારી સામે મુખ્ય કલ્પના એ જ રહી છે કે આપણી સામાજિક વ્યક્તિગત બધા પ્રકારની મુશ્કેલીઓનું નિરસન અહિંયાથી શી રીતે થાય તેની ખોજ કરું. આ જ મારું મુખ્ય કામ છે અને તે માટે હું તેલંગાણા ગયો હતો. જો એ હું ટાળથ તો એનો અર્થ એ જ થાય કે મેં અહિંસા અને શાંતિ-સેનાનું કામ કરવાની લીધેલી મારી પ્રતિજ્ઞા જ તોડી નાખી. સ્વરાજ્યપ્રાપ્તિ પછી તરત જ જે ઘટનાઓ આ દેશમાં ઘટી, એણે અહિંસાની આશાને ઘસારો પહોંચાડયો હતો. ખૂબ વધારે હિંસાની તાકાતો હિંદુસ્તાનમાં ઊભરી આવી હતી. તેથી ગાંધીજીના ગયા પછી હું એ ખોજમાં હતો કે અહિંસાની સામૂહિક પ્રતિષ્ઠા શી રીતે થાય.

(ક્રમશઃ)

# સ્વાધ્યાય, સંશોધન અને અભ્યાસપૂર્ણ સામગ્રી દ્વારા લોકસાહિત્યને પ્રસ્તુત કરતો 'લોક ગુર્જરી'નો ચારણી સાહિત્ય વિશેષાંક


લોકસાહિત્ય અને કંઠસ્થ પરંપરાની સંશોધક મૂલક સામગ્રી લોકમર્મીઓ સુધી પહોંચાડવાનું કામ ખુબ જ મહત્ત્વનું છે. ગુજરાત અને રાજસ્થાનમાં વિશેષ રૂપે પ્રસરેલી આ ધારાની વિશિષ્ટતા અને વિલક્ષણતાનો પરિચય કેળવવા જેવો છે. તેને નજીકથી જોવા, જાણવા અને માણવા જેવું છે. તે માટેની અનેકવિધ પ્રવૃત્તિઓ ગુજરાત સરકાર દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે પ્રસ્થાપિત મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે. જેનો 'લોક ગુર્જરી' સામાયિક દ્વારા પ્રચાર-પ્રસાર થઇ રહ્યો છે તેની વાત મારે આજે તમને કરવી છે.

'લોક ગુર્જરી' સામાયિક ત્રિમાસિક રૂપે પ્રગટ થાય છે. તેણે બે વર્ષ પૂર્ણ કર્યા છે જેના આઠ અંકોમાં પ્રગટ થયેલ સામગ્રીને આ ધારાના અભ્યાસુ વિદ્વાનોએ આવકારી છે.

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

'લોક ગુર્જરી'નો ત્રીજા વર્ષનો પ્રારંભિક અંક ચારણી સાહિત્ય વિશેષાંક રૂપે પ્રગટ થયો છે. ચારણી સાહિત્યનું આગવાપણું આલેખતાં સંપાદકીય લેખમાં ડો. બળવંત જાની એ ચારણી સાહિત્યના તપ અને તેજની વિગતે વાત કરી છે. તેઓ લખે છે કે ચારણી સાહિત્ય માત્ર ગુજરાત, રાજસ્થાન પુરતું સિમિત નથી એની સમગ્ર ભારતીય ભાષામાં ભાળ મળે છે.




'લોક ગુર્જરી'ના આ વિશેષાંકમાંથી પસાર થતાં ચારણી સાહિત્યની સર્વગ્રાહી સમીક્ષા રૂપે આપણને સાત લેખો મળે છે. જેમાં એક હિન્દીમાં છે. લેખોમાં મુખ્યત્વે ડો. બળવંત જાની ચારણી સાહિત્યની આગવી, અનોખી ભારતીય સાહિત્ય પરંપરાની વાત કરે છે તો ડો. અંબાદાન રોહડિયા સંસ્કૃતિ અને ભારતીય જીવન મૂલ્ય પ્રકાશ પાડે ઓછે. ત્યારે પ્રવિણ ગઢવી ગુજરાતી ચારણી કવિતામાં સૌંદર્યનું રસપાન કરાવે છે અને ડો. નિરંજન રાજયગુરૂ ચારણી હસ્તપ્રતો 'ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિના મધુકોશ' નો પરિચય કરાવે છે. ડો. ભરત પંડ્યા આપણને ચારણી સાહિત્ય સંશોધનની સમસ્યાઓથી વાકેફ કરે છે. તો વળી પ્રા. હિના ગંગર અને નરેન્દ્ર અદેપાલ ચારણી સાહિત્યમાં નારી પાત્રોનું રસદર્શન કરાવે છે. ડો. ગંગાદાન ચારણ 'શક્તિસુત' તેમના હિન્દી લેખમાં ડિંગલ કાવ્યધારામાં પ્રગતિશીલ ચેતનાના પ્રભાવની વાત કરે છે.

આ ઉપરાંત ચારણી સાહિત્યમાં કર્તા અને કૃતિ લક્ષી સમીક્ષાના લેખો પણ આપને મળે છે. જેમાં વસંત ગઢવીએ ઉજળા પરિવારની ગૌરવગાથા આલેખી છે. તો ડો. ઉર્મિલા શુક્લ એ કરમાનંદ આણંદકૃત દુહામાં દંતકથા અને તેના દસ્તાવેજી કરણ અંગે પોતાનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કર્યું છે. ડો. જે.એમ. ચંદ્ર વાડિયાએ પુષ્કર ચંદરવાકરનું શાસ્ત્રીય દૃષ્ટિ બિંદુ રજી કરી તેમાં 'કુંડળિયા જસરાજ હરધોળાણીરા'ની વાત કરી છે. પ્રો. સનત ત્રિવેદી લાઘવ યુક્ત ભક્તિ રચના 'સત સ્મરણ'નું સ્મરણ કરાવે છે. તો વળી ડો. સુમીલ જાદવ બહુમુખી પ્રતિભાવંત સ્વામી ચારણી સાહિત્યકાર માવદાજી રત્નુંનો પરિચય કરાવે છે. ભરત કવિ 'ઊર્મિલ' અણખોટી લોકસાહિત્યનું કાળજયી સર્જન 'ટેરવા' વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી છે. તો જીતુદાન ગઢવી કહે છે કે ચાલો વિરડા ઉલેચી નાંખીએ, દિપક પી. પટેલે 'ગુજરાતી ચારણી સાહિત્ય વિમર્શ' દ્વારા ચારણી સાહિત્યનું અનુશીલન અને આકલન કરી આપ્યું છે. જયારે વિશ્રામ એમ. ગઢવી ચારણ સાહિત્યરત્નોનું એક વિહંગાલોકન આપે છે. ડો. ચંદ્રપ્રકાશ દેવલ તેમના હિન્દી લેખમાં બડી કાયાના બડા કવિ બાંકીદાસની વાત કરે છે. જયારે નટુભાઇ પરમારે ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્રની પ્રવૃત્તિનો અહેવાલ આપ્યો છે. અંકના આવરણ પૃષ્ઠ પર ભરત કવિ સાંયાજી ઝૂલા અને ભરત કવિ નરહરદાસ બારહટ્ટના સુંદર ચિત્રો પ્રભાતસિંહ બારહટ્ટ દ્વારા આપવામાં આવ્યા છે.

ચારણી સાહિત્યના આ કામમાં હમણાંથી શિવદાન ગઢવી, વસંતભાઇ ગઢવી, સતીશ વ્યાસ, દિપક પટેલ અને યોગેશ બોક્ષા જેવા નૂતન અભ્યાસીઓ અને તજજ્ઞો વિશેષ કાર્યશીલ થયા છે અને ગુજરાત સરકારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર' જેવી સ્વાયત્ત સંસ્થાની ભેટ ધરી છે. જેના ઉપક્રમે ચારણી સાહિત્યના પ્રકાશનોની, ચર્ચાની, સામાયિકોની, લેખોની સામગ્રી વિવિધ સ્વરૂપે આપણી સમક્ષ આપવા લાગી છે. ત્યારે 'લોક ગુર્જરી' નો આ વિશેષાંક આ ક્ષેત્રે રસ ધરાવનારને ખુબ જ ઉપયોગી થઇ પડે તેવો છે. 'લોક ગુર્જરી' સામાયિક વધુને વધુ લોકો સુધી પહોંચે તે માટે પ્રયત્નો થઇ રહ્યા છે તે ખુબ જ આવકાર દાયક છે. તે માટે તેના માટે પ્રયત્નશીલ એવા ડો. બળવંત જાની, ડો. અંબાદાન રોહડિયા ધન્યવાદને પાત્ર છે.

**'લોક ગુર્જરી'**
**સંપાદક - ડો. બળવંત જાની**
**પ્રકાશક - શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫**
**વા.લ. રૂા. ૩૦૦/-, છૂટક અંક રૂા. ૧૦૦/-**
**પ્રથમ અંક - જૂન ૨૦૧૪**

# ભય : ભાગો નહીં, સામનો કરો

**The Only thing we have to fear is fear itself.**

***- Franklin D. Roosevelt***

(આપણી પાસે ડરવા જેવી એક જ ચીજ છે ને તે છે સ્વયં ડર)

ડર માણસની પ્રકૃતિ છે. ડરે છે તેને જ નિર્ભય થવાની તક મળે છે. માણસ કઇ બાબતથી, કેટલો ડર રાખે છે તે પરથી એના વ્યક્તિત્વનો અંદાજ આવી શકે. જન્મે ત્યારથી મૃત્યુ પામે ત્યાં સુધી માણસને જુદા જુદા ડર સતાવ્યા કરતા હોય છે. નાનપણમાં બાવા અને ભૂતના ડરથી લઇને ઢળતી ઉંમરે માંદગી અને મૃત્યુનો ડર. શૈશવ અને વૃદ્ધાવસ્થા વચ્ચેના સમયમાં માણસને ન જાણે કેટકેટલી બાબતોનો ડર લાગ્યા કરતો હોય છે.

માણસ બુદ્ધિશાળી પ્રાણી છે. એની પાસે તર્ક કરવાની શક્તિ પણ હોય છે. ભવિષ્યમાં આવનારી સમસ્યા કે મુશ્કેલી વિશે અમસ્તો જ વિચાર કરી એ ડરતો હોય છે. અન્ય પ્રાણીઓમાં આવું બિનજરૂરી ડરપોકપણું હોતું નથી. હરણ સામે આવેલા સિંહને જોઇ ડરે છે. સિંહ આવશે એવી કલ્પનાથી નહીં, માણસનું ડરવું ઘણુંખરું કાલ્પનિક હોય છે ને ક્યારેક બિનપાયાદાર પણ. કોઇ વિચારે કે હું મૃત્યુ પામીશ પછી મારી પત્નીનું શું થશે, પણ પત્નીનું મૃત્યુ પહેલાં થઇ જાય તો એનો ડર ખોટો ઠરે છે. કાલ્પનિક ડરનું પગેરું શોધીએ તો જાણી શકાય કે કાલ્પનિક ડર વ્યક્તિત્વમાં એટલો ઊંડે સુધી ઊતરી જતો હોય છે કે એ ફોબિયાનું (Phobia) રૂપ ધારણ કરે છે. ફોબિયા માટે જીવનની પાર્શ્વભૂમાં રહેલું કોઇ કારણ અથવા ઘટના પણ હોઇ શકે.

## અક્ષયપાત્ર

- બકુલ દવે

પરિસ્થિતિ બદલાતી જાય, ઉંમર વધે તેમતેમ ભયનો પ્રકાર, માત્રા અને કારણોમાં પણ બદલાવ આવતો જતો હોય છે. ડરના મૂળમાં અસલામતી હોય છે. કશુંક ગુમાવી દેવાની - ખતમ થઇ જવાની ચિંતા પડેલી હોય છે. ડર ચિંતામાંથી આવે છે. જેના વિચારો પોતાનાં અને માત્ર પોતાનાં સુખ-સગવડ આસપાસ ચકરાતા હોય એ વ્યક્તિ સૌથી વધુ ભીરૂ હોય છે ને શંકાશીલ પણ. એણે કોઇમાં ભરોસો હોતો, પોતાની જાતમાં પણ નહીં, એને ઇશ્વરમાં પણ શ્રદ્ધા નથી હોતી, કોઇકે કહ્યું છે, 'મને બે જણનો ડર લાગે છે. એક ઇશ્વરનો અને બીજો ઇશ્વરથી ડરતો નથી તેનો.'



સત્યનું દર્શન નિર્ભય બનાવે છે. તમસનું આવરણ સત્યને ઢાંકી રાખે છે. જ્ઞાનના પ્રકાશથી એનું અનાવરણ થાય ત્યારે સત્યનો સાક્ષાત્કાર થતો હોય છે, વાસ્તવમાં, કશાનો ડર હોવો એ જ ડર છે. ડરવું એ મનની સ્થિતિ છે, વાસ્તવિકતા નહીં. જો એવું ન હોય તો એક જ બાબત એક જણને ડરાવે અને બીજાને નહીં એવું શી રીતે બને?

મનઃસ્થિતિમાં પરિવર્તન લાવી ભયમુક્ત થઇ શકાય છે. રંભાદેવીએ મોહનને અંધારાના ડરથી મુક્ત થવા રામનામનો જપ કરવા કહ્યું. આ બાબત ગાંધીજીના સમગ્ર જીવનમાં પ્રભાવક બની રહી. રામનામના ઔષધે - ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધાએ એમને નીડરતા બક્ષી.

અમેરિકન કવિ જહોન બેરીમેને ચિંતનીય વિધાન કર્યું છે, 'આપણને ભય લાગે તે તરફ જવું જોઇએ.' એટલે કે ભયથી ભાગવું ન જોઇએ, પણ તેનો સામનો કરવો જોઇએ. સ્વામી વિવેકાનંદ સંન્યસ્ત જીવનની આરંભે ઉત્તર ભારતના પ્રવાસે હતા, ત્યારે વારાણસીમાં વાંદરાનું ટોળું એમની પાછળ દોડ્યું. સ્વામીજી પણ દોડવા લાગ્યા. તે સમયે એક વૃદ્ધ સંન્યાસીએ બૂમ પાડી કહ્યું, 'ભાગો નહીં, ભયનો સામનો કરો.' આની સ્વામીજી પર ઊંડી અસર થઇ. પાછળથી પોતાનાં પ્રવચનોમાં પણ સ્વામીજી આ વાત વારંવાર કહેતા, 'ભયનો સામનો કરો, અવિદ્યાનો સામનો કરો, હિંમતપૂર્વક. ક્યારેક ભાગો નહીં.'